Divya Bhaskar

March 18, 2016
Page No. 13

### સાહસિકોને નુકસાન જતું હોય અને ત્યારે તે તેમાંથી બહાર નીકળવા અર્થે

# સ્ટાર્ટ અપમાંથી નીકળવા માટે નાદારીની કલમો સરળ બનાવાશે

પીટીઆઇ. નવીદિલ્હી

સ્ટાર્ટઅપ્સ બિઝનેસમાં જો નવા ઉદ્યોગ સાહસિકોને નફાને બદલે નુકસાન જતું હોય અને જો તે તેમાંથી બહાર નીકળવા માગતા હોય તો તેમને માટેની દેવાળિયાપણાની કલમ અને નાદારીની કલમો સરળ છે, એમ વેપાર અને ઉદ્યોગપ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું. સ્ટાર્ટઅપ્સ બિઝનેસ જો રોજગારીનું સર્જન કરતો હશે તો સરકાર જરૂર તેને પ્રોત્સાહિત કરશે. નાદારી અને સ્ટાર્ટઅપ્સ બિઝનેસમાં નવા ઉદ્યોગ સાહસિકો સફળ ના થાય અથવા તેમના ધાર્ય પ્રમાણે વેપાર ના થતો હોય તો એ વેપારમાંથી સરળતાથી બહાર નીકળી જવા માટે સરકાર નાદારીની કલમો બનવવાની યોજના કરી રહી છે, જેથી તેઓ ઝડપથી એ બિઝનેસમાંથી બહાર નીકળી શકે. સ્ટાર્ટઅપ્સ માટે ટેક્સ હોલિડે સહિત એક વ્યાપક એક્શન પ્લાન ઘડવાની સરકારે જાહેરાત કરી છે. ભારત એ અમેરિકા અને યુકે પછી ત્રીજો સૌથી મોટો સ્ટાર્ટઅપ દેશ છે, ભારતીય ઉદ્યોગ સાહસિકોની કુશળતાને ધન્યવાદ આપવા ઘટે. નાદારી અને નાદારીની કલમો નાદાર અને માંદી કંપનીઓને બિઝનેસમાંથી બહાર નીકળવાનો સરળ વિકલ્પ પૂરો પાડશે, જેને સંસદના 30 સભ્યોની સંયુક્ત સમિતિને મોકલવામાં આવશે. નીતિ આયોગ દેશમાં 70 ઈન્ક્યુબેશન કેન્દ્રો સ્થાપવામાં આવશે અને આ કેન્દ્રો દ્વારા નવાં સંશોધનોને ક્રમાંકિત કરવામાં આવશે અને ટોચનાં 10 ઈન્ક્યુબેટર્સને 10 કરોડનો પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવશે. જુગાડ અને સંશોધન વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે લોકો માને છે કે ભારત જુગાડ માટે વધુ જાણીતું છે, પણ દેશમાં સંશોધનને નામે કાંઈ પણ કરી શકાય નહીં, પણ ના. વિશ્વના અન્ય ભાગોમાં ટેક્નોલોજીમાં ભાંગફોડના ઉપયોગ દ્વારા કુશળતા મેળવવા માટે કરવામાં આવે છે.

## વેગ આપવા નવા નાણાકીય સાધનોની જરૂર

દરેક સ્ટાર્ટઅપ્સને વેલી ઓફ ડેથ-મૃત્યુની ખીણનો એટલે કે નિષ્ફળ જવાના પડકારોનો સામનો કરવો પડતો હોય છે અને સંશોધનની પ્રક્રિયાનું વળતર ક્યારેક વધુ કે ઓછું હોય છે, એમ કહેતાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપ્સ માટેના કેટલાક પ્રોજેક્ટ્સને માટેનાં નવા નાણાકીય સાધનોના વિકલ્પ જેવા કે એન્જલ, રોકાણકાર, વેન્ચર કેપિટલિસ્ટ્સ અને જાહેર જનતા પાસેથી મળતા ફંડને વિકાસ માટેના તબક્કાની વિશેષ જરૂરિયાત પડતી હોય છે. દરેક સ્ટાર્ટઅપ્સને શરૂઆતના તબક્કે જેમ કે નોવેલ આઈડિયા અથવા ખ્યાલ વિકસાવવા માટે ટેક્નિકલ શક્યતા, માર્કેટમાં સંભવિત તકો અને આર્થિક સધ્ધરતાની જરૂરત હોય છે.